# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૧૬/૨/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બરમાં કેલિડોસ્કોપ સિરીઝ અંતર્ગત 'પલાયન, પીડા અને પ્રેરણા' બુકનું રિવ્યુ યોજાયું

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા રવિવાર, તા. ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે કેલિડોસ્કોપ સિરીઝ અંતર્ગત 'પલાયન, પીડા અને પ્રેરણા' બુકનું રિવ્યુ યોજાયું હતું. પુસ્તકના લેખક ઇન્કમ ટેક્સ, સુરતના જોઇન્ટ કમિશનર મયંક પાંડે (આઇ.આર.એસ.) દ્વારા જ પુસ્તકનો સારાંશ રજૂ કરવામાં આવ્યો હતો.

મયંક પાંડેએ જણાવ્યું હતું કે, કોવિડ– ૧૯ને કારણે વિશ્વભરમાં જે પરિસ્થિતિનું સર્જન થયું હતું તેમાં જે માનવતાથી ભરેલી ઘટનાઓ સામે આવી હતી તેના પરથી તેમને આ પુસ્તક લખવાની પ્રેરણા મળી હતી. તેમણે કહયું હતું કે, દુનિયામાંથી માનવતા મરી પરવારી નથી પણ માનવતાવાળી ઘટનાઓ વિશ્વમાં અન્યત્ર બીજે કશે નહીં પણ ભારતમાં જ બની હતી. લોકડાઉનમાં જ્યારે લેબર વર્ગને જીવન નિર્વાહ કરવાનું અઘરું થઇ પડયું હતું ત્યારે તેઓએ માદરે વતન પલાયન કર્યુ હતું. પલાયન દરમ્યાન તેઓને અત્યંત પીડા સહન કરવી પડી હતી. તેમણે કેટલાક હૃદયદ્રાવક ઉદાહરણોનો ઉલ્લેખ પુસ્તકમાં કર્યો છે.

તેમણે જણાવ્યું હતું કે, બે મહિનાથી બીમાર સુરતની એક વિધવા મહિલા તેના બાળકને તેના નાના–નાની સુધી પહોંચાડવા માટે લોકડાઉન દરમ્યાન મુસાફરી કરે છે અને અંતે મુઝફફરપુર રેલ્વે સ્ટેશને પહોંચી જીવનને

ત્યાગી દે છે. એટલે કે તેના બાળકને તેના નાના–નાની સુધી પહોંચાડવા માટે જ બે મહિનાથી તે જીવી રહી હતી અને જ્યારે તેને એવો અહેસાસ થાય છે કે હવે તેનું બાળક અહીંથી પણ નાના–નાની સુધી પહોંચી જશે ત્યારે તે રેલ્વે સ્ટેશને જીવન ત્યાગી દે છે. બીજી તરફ એક વિધવા માતા લોકડાઉનમાં ગુમાવેલા પુત્રના શવને અગ્નિ સંસ્કાર આપે છે.

તેમણે વધુમાં કહયું હતું કે, સામાન્યપણે અંતિમ સંસ્કાર વ્યકિતનું અંતિમ ચરણ હોય છે પણ એકતા ટ્રસ્ટના અબ્દુલનું લોકડાઉનમાં પ્રથમ કાર્ય જ અંતિમ સંસ્કાર બની ગયું હતું. લોકો તેમના સ્વજનના અંતિમ દર્શન માટે પણ આવવા તૈયાર થતા ન હતા ત્યારે અબ્દુલ તેઓનું અંતિમ સંસ્કાર કરતા હતા. છાંયડોએ 'એક મુઠ્ઠી આટા, લાખો મે બાટા' સ્લોગન થકી લોકો સુધી પાસેથી એક મુઠ્ઠી લોટ એકત્રિત કરીને રોટલા બનાવીને ભુખ્યાઓને આપ્યા હતા. લાલ બહાદુર શાસ્ત્રીએ પણ લોકોને આહ્‌વાન કર્યું હતું કે જો લોકો દિવસમાં એક ટાઇમનું ભોજન છોડી દેશે તો દેશમાં કોઇ ભુખ્યું રહેશે નહીં.

મયંક પાંડેએ વધુમાં કહયું હતું કે, લોકડાઉન દરમ્યાન એક બાળકી પોતે સાચવેલા રૂપિયા ૪૮ હજાર મજુરોને તેમના વતને જવા માટે ફલાઇટના ટિકીટ માટે આપી દે છે. લોકડાઉન દરમ્યાન બીજી ઘટના અમૃત અને કૈયુમની સામે આવી હતી. બે જુદા–જુદા ધર્મના મિત્રોમાંથી એકને કોરોના થઇ જાય છે અને રેલ્વેમાં મુસાફરી દરમ્યાન એકને ટ્રેનમાંથી ઉતારી લીધા બાદ પણ બીજો મિત્ર તેની સાથે ઉતરી જાય છે અને કોરોનાગ્રસ્ત મિત્રને અંત સુધી પોતાના ખોળામાં સાચવી રાખે છે. આવી ઘટનાઓ ભારતમાં જ બને છે, જેનાથી આપણને પ્રેરણા મળે છે. તેમણે બધાને પુસ્તક વાંચવાની સલાહ પણ આપી હતી.

ચેમ્બરની કેલિડોસ્કોપ સિરીઝના ચેરમેન સુનીલ જૈને વકતાનો ટૂંકમાં પરિચય આપી કેલિડોસ્કોપ સિરીઝની રૂપરેખા આપી હતી. જ્યારે કેલિડોસ્કોપ સિરીઝના કો–ચેરમેન નિકેત શાસ્ત્રીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.